પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૬૭ | ૧૭ મે, ૨૦૧૮, ગુરૂવાર ; અ. જેઠ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કર-નાટકમાં નાટક : ધારાસભ્યોનું ખરીદ-વેચાણ

**મોડીસાંજે ભાજપને સરકાર રચવા આમંત્રણ : જેડીએસ-કોંગી દ્વારા રાજ્યપાલને સોંપાયેલી યાદી : સ્થિર સરકાર રચવા પુરતા સભ્યો હોવાનો કુમારસ્વામીનો દાવો : હોર્સ-ટ્રેડીંગનાં આરોપ-પ્રતિઆરોપ : રાજ્યપાલને મળીને ૧૧૭ ધારાસભ્યોની યાદી કોંગ્રેસ તેમજ જેડીએસ દ્વારા સુપરત કરાઈ**




બેંગ્લોર, તા. ૧૬

કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટેના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ત્રિશંકુ સ્થિતિ સર્જાયા પછી રાજ્યમાં સરકાર રચવાના ભાજપ અને જેડીએસ-કોંગ્રેસ દ્વારા તમામ પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. સત્તા માટે સાંઠગાંઠનો દોર જારી છે. રાજકીય ઘટનાક્રમના દોર વચ્ચે આજે સાંજે કોંગ્રેસ અને જેડીએસના નેતાઓ રાજ્યપાલ વજુભાઈ વાળાને મળ્યા હતા. કોંગ્રેસ અને જેડીએસ દ્વારા રાજ્યપાલને મળીને ધારાસભ્યો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવેલા પત્રો સુપરત કર્યા હતા. રાજ્યપાલ વજુભાઈને મળ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા જેડીએસના નેતા કુમારસ્વામીએ કહ્યું હતું કે, તેમની પાસે પુરતી સંખ્યામાં ધારાસભ્યો છે અને સરકાર રચવાની સ્થિતિમાં છે. બીજી બાજુ રાજ્યપાલ સમક્ષ કોંગ્રેસના સભ્યો તરફથી પણ રજૂઆત કરવામાં આવી હતી.

જોકે મોડી સાંજે રાજ્યપાલશ્રીએ વજુભાઈ વાળાએ ભાજપના વિધાનસભા પક્ષના નેતા બી.એસ. યેદુરપ્પાને સરકાર રચવા નિમંત્રણ આપ્યું હતું. ભારતીય જનતા પાર્ટી કર્ણાટક

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના યદુરપ્પાને સરકાર રચવા રાજ્યપાલનું આમંત્રણ

**આજે સવારે ૯.૩૦ કલાકે મુખ્યમંત્રીનો શપથવિધિ : પંદર દિવસમાં ગૃહમાં બહુમતિ પુરવાર કરવા મુદત**




બેંગલુરુ, તા. ૧૬

કર્ણાટકની પ્રવાહી રાજકીય સ્થિતિ વચ્ચે આવતીકાલે મુખ્યમંત્રી તરીકે ભાજપના વિધાનસભા પક્ષના નેતા બી.એસ. યદુરપ્પા રાજભવનમાં સવારે ૯.૩૦ કલાકે શપથ ગ્રહણ કરશે એમ ભાજપના ધારાસભ્ય સુરેશકુમારે પત્રકારો સમક્ષ જાહેરાત કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આવતીકાલે માત્ર મુખ્યમંત્રીની જ શપથવિધિ જ યોજાશે. આગામી પંદર દિવસમાં વિધાનસભા ગૃહમાં બહુમતિ પુરવાર કરવા માટે રાજ્યપાલે મુદત આપી છે. કોંગ્રેસ રાજ્યપાલના નિર્ણય સામે આવતીકાલે સવારે સુપ્રીમ કોર્ટમાં રીટ દાખલ કરશે. ગોવામાં સરકાર રચવાના સમયે સુપ્રીમ કોર્ટના ચુકાદાના આધારે કોંગ્રેસ ગઠબંધનને સરકાર રચવા આમંત્રણ આપવું જોઈએ એવી માંગ સાથે સુપ્રીમના દ્વાર ખખડાવ્યા છે. જેડીએસના કુમારીસ્વામીએ કરોડો રૂપિયાની રેલમછેલ અને ઈન્કમટેક્ષ અને ઈડીના ધમકીભર્યા વાતાવરણ વચ્ચે રચાતી સરકાર લોકશાહીના લીરેલીરે ઉડાડે છે.

## ન્યુઝ ટ્રેક

**ઈન્દોર સૌથી સ્વચ્છ શહેર**

ગયા વર્ષની જેમ જ આ વર્ષે પણ ઈન્દોરે ફરી એકવાર સૌથી સ્વચ્છ શહેરનું બિરૂદ પ્રાપ્ત કર્યુ છે. સ્વચ્છતા સર્વેક્ષણ, ૨૦૧૮માં પ્રથમ સ્થાને ઈન્દોર બાદ ભોપાલ અને ચંદીગઢનો ક્રમ આવે છે.

**ઉત્તર કોરિયાએ અમેરિકાને આપી ધમકી**

અમેરિકા અને દક્ષિણ કોરિયાની વાયુસેના વચ્ચે યોજાનાર સંયુક્ત સૈન્ય અભ્યાસ મામલે ઉત્તર કોરિયાના તાનાશાહ કીમ જોંગ નારાજ છે અને તેમણે ધમકી આપી છે કે તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ સાથેનો વાર્તાલાપ બંધ કરી શકે છે.

**ફેસબુકે ૫૮ કરોડ એકાઉન્ટ બંધ કર્યા**

સોશીયલ નેટવર્કીંગ સાઈટ ફેસબુકે ગત ત્રણ માસમાં ૫૮.૩ કરોડથી વધુ બોગસ એકાઉન્ટ બંધ કર્યા છે. આ બાબતે ફેસબુકના સીઈઓ ઝુકર બર્ગે જાણકારી આપી છે.

**માતા-પિતા ચાર વર્ષની દીકરીને એરપોર્ટ પર જ ભૂલી ગયા**

એક કપલ પોતાની ચાર વર્ષની દીકરીને ભૂલીને એરપોર્ટથી બહાર નીકળી ગયું. બાળકીએ જ્યારે પોતાના પેરેન્ટ્સને ન જોયા તો તે રડવા લાગી અને તે બાળકી ઝઈૅહ્નાં જવાનોની નજરે ચઢી. જવાનોએ જ્યારે બાળકીને પુછ્યું ત્યારે તેણે જણાવ્યું કે તેનાં મમ્મી-પપ્પા નથી મળતાં. CCTV કેમેરામાં બાળકીના પેરેન્ટ્સને શોધવાની શરુઆત કરવામાં આવી, તો ટર્મિનલથી બહાર નીકળતાં પોતાના પેરેન્ટ્સને બાળકીએ ઓળખી કાઢ્યા.

# કાશ્મીરમાં રમઝાન પર્વે શરતી યુદ્ધવિરામ

**મહેબુબા મુફ્તીની દરખાસ્ત મોદી સરકારે સ્વીકારી : પવિત્ર રમઝાન મહિનાની શરૂઆત : ૩૦ દિવસ સુધી કોઇ નવા ઓપરેશન હાથ ન ધરવા સેનાને આદેશ : હુમલા થશે તો જવાબી કાર્યવાહી ચોક્કસ થશે**

નવીદિલ્હી, તા. ૧૬

કેન્દ્ર સરકારે રમઝાનના પવિત્ર મહિના દરમિયાન જમ્મુ કાશ્મીરમાં શરતી યુદ્ધવિરામની જાહેરાત કરી છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફ્તી દ્વારા રમઝાન અને અમરનાથ યાત્રા દરમિયાન ખીણમાં એકબાજુની યુદ્ધવિરામની અપીલને શરતી મંજુરી આપી દીધી છે. મહેબુબા મુફ્તી દ્વારા રમઝાન દરમિયાન યુદ્ધવિરામની અપીલ ઉપર કેન્દ્ર સરકારે સુરક્ષા દળોને ખીણમાં રમઝાનના ગાળા દરમિયાન કોઈપણ પ્રકારના નવા ઓપરેશન શરૂ ન કરવા માટેના આદેશ આપી દીધા છે. અલબત્ત કેન્દ્ર સરકારે કોઈ આતંકવાદી હુમલાની સ્થિતિમાં સુરક્ષા દળોને ત્રાસવાદીઓ સામે જવાબી કાર્યવાહી કરવા માટે મંજુરી આપી છે. રમઝાન મહિનાની શરૂઆતથી એક રોજા પહેલા કેન્દ્ર સરકારે આ અંગેની જાહેરાત કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી આ અંગેની માહિતી આપતા જણાવવામાં આવ્યું છે કે, સરકારે ખીણમાં સુરક્ષા દળોને રમઝાન દરમિયાન કોઈ નવા ઓપરેશન શરૂ ન કરવા માટેના આદેશ કર્યા છે. ગૃહમંત્રી રાજનાથસિંહે પણ પોતે જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફ્તીને આ સંબંધમાં માહિતી આપી દીધી છે. બીજી બાજુ અન્ય એક ટ્વિટમાં કહેવામાં આવ્યું છે કે, સુરક્ષા દળોને કાશ્મીરમાં લોકોની સુરક્ષા કરવા અને પોતાના પર થનાર હુમલાનો જવાબ આપવા

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી-એનસીઆરમાં વહેલી સવારે ત્રાટક્યુ વાવાઝોડુ : વરસાદના પગલે એલર્ટ જાહેર

ન્યુ દિલ્હી,તા.૧૬

વહેલી સવારે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં



વરસાદ સાથે ધૂળની આંધી ઉઠી. ધૂળની ડમરી સાથે ભયાનક ઝડપે ફૂંકાતા પવનને કારણે શહેરમાં વૃક્ષો ઉખડી ગયાં અને કલાકો સુધી વીજળી પણ જતી રહી. દિલ્હીમાં મોડી રાતે ૧૦૯ કિમી પ્રતિ કલાકની ઝડપે ધૂળભરી આંધી ઉઠી. હવામાન વિભાગે બુધવારે પશ્ચિમી ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણાના કેટલાક જિલ્લાઓમાં આજે હળવા વરસાદ અને તોફાનની ચેતવણી આપી છે. જીંદ, રોહતક, પાણીપત, અલવર, બાગપત, મેરઠ અને અલીગઢ માટે આ ચેતવણી આપવામાં આવી છે. આ પહેલા શનિવારે સાંજે આવેલા તોફાને દેશના ઉત્તરથી લઈને દક્ષિણ અને પૂર્વથી લઈને પશ્ચિમના વિસ્તારોમાં પાયમાલી સર્જી હતી. ૨૪ કલાક દરમિયાન આંધી, તોફાન અને વરસાદને કારણે થયેલા અકસ્માતમાં છ રાજ્યોમાં ૭૦ લોકો માર્યા ગયા હતા. સૌથી વધુ ૫૧ મોત ઉત્તરપ્રદેશમાં થઈ હતી.

## પેન્શન માટે આધાર કાર્ડની જરૂર નહીં: કેન્દ્ર સરકાર

ન્યુ દિલ્હી,તા.૧૬

કેન્દ્ર સરકારના કર્મચારીઓને પેન્શન મેળવવા માટે આધાર કાર્ડની જરૂર નથી એવી ચોખવટ કેન્દ્ર સરકારે કરી છે. કેન્દ્રિય મંત્રી જિતેન્દ્ર સિંઘે આ વાત કરતા કહ્યું કે, નિવૃત કર્મચારીઓને ચિંતા કરવાની જરૂર નથી. આધાર કાર્ડ પેન્શન માટે જરુરી નથી. કેન્દ્રિય મંત્રીની આ વાત ઘણું મહત્વ ધરાવે છે. કેમ કે, દેશભરમાંથી ઘણા અહેવાલો પ્રાપ્ત થયા હતા કે આધાર કાર્ડ બેંક અકાઉન્ટ સાથે લિંગ ન કરવાને કારણે નિવૃત કર્મચારીઓના પેન્શન અટકાવવામાં આવ્યા છે.

કેન્દ્રિય મંત્રી જિતેન્દ્ર સિંઘે કહ્યું કે, પેન્શન માટે બેંક અકાઉન્ટમાં આધાર કાર્ડ લિંક કરાવવું ફરજિયાત નથી. ભારત સરકાર દ્વારા ૧૨ આંકડાનું ઓળખકાર્ડ ભારત દેશના નાગરિક માટે ઓળખ અને રહેઠાણનો પુરાવો બન્યો છે. કેન્દ્ર સરકારના ૪૮.૪૧ લાખ કર્મચારીઓ છે અને ૬૧.૧૭ લાખ પેન્શન મેળવનારા નિવૃત કર્મચારીઓ છે.

જિતેન્દ્ર સિંઘે કહ્યું કે, કેન્દ્ર સરકારે કર્મચારીઓના વેલ્ફેર માટે ઘણા પ્રયાસો હાથ ધર્યા છે. જેમ કે, ઓછામાં ઓછુ પેન્શન ૯૦૦૦ કરવામાં આવ્યું છે. ગ્રેજ્યુટીની સીમા ૨૦ લાખ સુંધી કરવામાં આવી છે. બાંધેલું મેડિકલ એલાઉન્સ વધારીને મહિના દીઠ ૧૦૦૦ રૂપિયા કરવામાં આવ્યું છે.'' કેન્દ્ર સરકાર દ્વારા તમામ સેવામાં આધાર ફરજિયાત કરવાના મામલે સુપ્રિમ કોર્ટમાં વિવિધ પિટીશન્સની સુનાવણી ચાલી રહી છે અને આધાર કાર્ડ મુદ્દે ખુબ ચર્ચાઓ ચાલી છે. આવા સમયે કેન્દ્ર સરકારની ચોખવટ કર્મચારીઓને રાહત આપશે.

## વારાણસી પુલ દુર્ઘટના મામલે ચીફ પ્રોજેક્ટ મેનેજર સહિત ૪ સસ્પેન્ડ

**યોગી આદિત્યનાથે હોસ્પિટલમાં ઘાયલ લોકોની મુલાકાત લીધી**

વારાણસી,તા.૧૬

અહીંના કેન્ટ સ્ટેશનથી ૧૦૦ મીટર દૂર મંગળવારે સાંજે એક નિર્માણાધીન ફ્લાયઓવરનું બીમ પડી જવાથી ૧૮ લોકોના મોત થઈ ગયાં. આ મામલે ચીફ પ્રોજેક્ટ મેનેજર સહિત ચાર ઓફિસરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા. બીમ આશરે ૨૦૦ મીટર લાંબુ અને ૧૦૦ ટન વજનનું હતું. તેની ઝપટમાં છ કાર, એક મિનિ બસ, એક ઓટોરિક્ષા, મોટરસાયકલ સહિત અનેક પગપાળા જઈ રહેલા યાત્રીઓ પણ આવી ગયા. અકસ્માતના સમયે વિસ્તારમાં ટ્રાફિકજામ હતો. પરિણામે ઘણી ગાડીઓ બીમની નીચે આવી ગઈ. આ ગાડીઓ સંપૂર્ણપણે દબાઈ ગઈ. પાંચ લોકો ઘાયલ થયા છે, જેમાંથી બેની હાલત નાજુક છે.

મોડી રાતે વારાણસી પહોંચેલા ડેપ્યુટી સીએમ કેશવપ્રસાદે ફ્લાયઓવરના ચીફ પ્રોજેક્ટ મેનેજર એચસી તિવારી, મેનેજર કેઆર સૂદન, આસિસ્ટન્ટ એન્જિનિયર રાજેશ અને અપર એન્જિનિયર લાલચંદને સસ્પેન્ડ કરવાની માહિતી આપી.

● અનુસંધાન પાન-૭ પર

## પશ્ચિમ બંગાળમાં ૫૬૮ બૂથ પર પુનઃ મતદાન

કોલકાતા,તા.૧૬

પશ્ચિમ બંગાળમાં ૧૯ જિલ્લાના ૫૬૮ બૂથો પર પંચાયતની ચૂંટણી ફરીવાર યોજાઈ છે. સોમવારે થયેલ ૨૦ જિલ્લા પંચાયત ચૂંટણીમાં હિંસાના બનાવો બન્યા હતા,જો કે આ ઘટનાને અનુસંધાને રાજ્યના ચૂંટણી આયોગે બુધવારે ફરીવાર મતદાન યોજવાનો નિર્ણય લીધો હતો.




**REQUIRED**
Medical Superintendent
RMO | Nurse (ANM/GNM)
Administrator Officer
Marketing Officer
**KANORIA HOSPITAL**
Bhat-gam,Near Indirabridge
Gandhinagar-382428
M-9824017400/9913092433
E-Kanoriahospital@yahoo.com

